RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૭ તા.૨૪–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પ્રવિણચંદ્ર કપાસીયાવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણચંદ્ર કપાસીયાવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૭/૨૦૧૧–૧૨

શ્રી પ્રવિણચંદ્ર કપાસીયાવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૮૭૭ તા. ૨૦–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગત નકલ સહ સ્પષ્ટ કરવા સાથે અરજદારની અપીલના મુદ્દા નં.૩થી૭ અંગે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૦૨ તા.૫–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત સહ જણાવવા તથા જાહેર માહિતી અધિકારીના તા. ૨૦–૧૦–૧૧ના પ્રત્યુત્તર બાદ નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા સાથે તા. ૧૫–૯–૧૧ના ગુજરાત મિત્રની જાહેરાતનો તેમની મુળ અરજીમાં કરેલ સંદર્ભ અન્વયે તેની નકલ પણ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કે અરજદાર તરફથી પણ કોઈ વિગત કે રજુઆત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૮૭૭ તા. ૨૦–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં તા.૧૫–૯–૧૧ ની ગુજરાતમિત્ર દૈનિકની જાહેરાતમાં મગદલ્લાનો સમાવેશ નથી. આરટીઆઈ /૦૫ તા.૧૫–૩–૧૧ ની અરજીના એચ.ઈ.ડી આઉટ નં.૧૩૮ તા.૧૮–૪–૧૧ ના જણાવ્યા મુજબ રૂંઢ મગદલ્લા ગામને પાણી પુરવઠો પુરો પાડવામા આવે છે છતાં જૈનમંદીર મગદલ્લાના સુરત ડુમસ રોડ ઓ.એન.જી.સી.ની બાજુમાં આજદિન સુધી પાણી પુરવઠો પુરો પાડયો નથી. હમો અરજદારને પાણી પુરવઠો પૂરો પાડવા શું કાર્યવાહી કરવામાં આવી છે. મગદલ્લામાં કયાં કયાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવતો નથી તે જણાવશો. અરજદારને પાણી પુરવઠો કયારથી પુરો પાડવામાં આવશે. તે જણાવશો. માર્ચ–૨૦૧૧ થી આજદિન સુધીમાં મગદલ્લામાં જે નંબરોને પાણી પુરવઠો પુરો પાડવામાં આવતો નથી ત્યાં આજદિન સુધીમાં પાણી પુરવઠો પુરો પાડવા અંગે થયેલ કાર્યવાહીની વિગત. ગામતળને (મગદલ્લા) કયારથી પાણી પુરુ પાડવામાં આવે છે તે જણાવશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રૂંઢ– મગદલ્લા સુધીનો વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં સને ૨૦૦૬ નાં વર્ષથી સમાવેશ કરવામાં આવેલ છે. તે પહેલા આ વિસ્તારમાં જી.ડબલ્યુ.એસ.એસ.બી. ધ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવતો હતો. હાલમાં જી.ડબલ્યુ.એસ.એસ.બી. નાં નેટવર્ક ધ્વારા જ સુરત મહાનગરપાલિકા થકી પાણીનું વિતરણ કરવામાં આવે છે. આ વિસ્તારના વિકાસને ધ્યાને લઈ પાણી પુરવઠાનાં નેટવર્કનાં સ્ટ્રેન્થનીંગની કામગીરી ચાલુ છે અને નજીકના ભવિષ્યમાં પૂર્ણ થતાં સુરત મહાનગરપાલિકાનાં પાણી પુરવઠાની નળીકાનાં નેટવર્ક ધ્વારા પુરતા પ્રમાણે અને જથ્થામાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. તેવું સમય અવધિમાં જણાવેલ. અરજદારે અપીલ દરમ્યાન મુદ્દા નં.૩ અમોએ અગાઉ માહિતી માંગેલ જે મુજબ મગદલ્લા ગામને પાણી પુરુ પાડવામાં આવેલ છે તેમ જણાવેલ છે છતાં અમારી સંસ્થાને પાણી પુરુ પાડવામાં આવતું નથી. તે કયા કારણોસર પુરુ પાડવામાં આવતુ નથી. તેની માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૪ તા.૧૫–૯–૧૧ ની ગુજરાત મિત્રની જાહેરાતમાં મગદલ્લાનો સમાવેશ નથી છતાં અમોને ૨૩–૯–૧૧ ની અરજીનો સ્પષ્ટ જવાબ કે માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૫ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટનાં મંદિરે જે સંસ્થાના વહીવટ હેઠળ છે તેમાં પાણી કયારથી પુરુ પાડવામાં આવશે અને તે અંગે આજદિન સુધી શું પગલા લેવામાં આવ્યા છે તેની માહિતી પુરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૬ માર્ચ–૨૦૧૧ થી આજદિન સુધી મગદલ્લાના કયા કયા વિસ્તારોમાં પાણી પુરુ પાડવામાં આવ્યું છે અને કયા કયા વિસ્તારોમાં પાણી પુરુ પાડવામાં આવેલ નથી. તેની માહિતી. મુદ્દા નં.૭ હવે પછી અમારા ઉપરોકત શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટના મંદિર જે સંસ્થાના વહીવટ હેઠળ છે તેમાં પાણી કયારથી પુરુ પાડવામાં આવશે તેની માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં ૩ થી ૭ અંગે દફતરી વિગતો મોકલવા જણાવેલ જે અત્રે મળેલ નથી. તેમજ અરજદારને પણ અત્રેથી પત્ર ધ્વારા તા. ૧૫–૯–૧૧ના ગુજરાત મિત્રની જાહેરાતનો તેમની મુળ અરજીમાં કરેલ સંદર્ભ અન્વયે તેની નકલ પણ મોકલવા જણાવેલ તેની

વિગતો પણ અત્રે મોકલાવેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરવઠા નેટવર્ક આયોજન અને કામગીરી તેમજ હાલ જી.ડબલ્યુ.એસ.એસ.બી. મારફતે અપાતા પુરવઠાની વિગત જણાવેલ છે જ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રવિણચંદ્ર કપાસીયાવાલા,